eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 134
March 14, 2008

## આરોગ્ય વિભાગ ધ્વારા "વિશ્વ મહિલા દિન" ની ઉજવણી

સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ ધ્વારા " વિશ્વ મહિલા દિન " ની ઉજવણીના ભાગરૂપે મહાનગરપાલિકા સંચાલિત તમામ શહેરી આરોગ્ય કેન્દ્રો, પ્રસૂતિગૃહો પર તા.૧૦–૦૩–૨૦૦૮ થી તા.૧૫–૦૩–૨૦૦૮ સુધી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા અર્બન હેલ્થ સેન્ટર તથા વાંચનાલયની ખાતમુહૂર્તવિધિ શ્રી જય નારાયણ વ્યાસ મા. મંત્રીશ્રી આરોગ્ય અને પરિવાર કલ્યાણ, ગુજરાત રાજયના વરદહસ્તે તા.૦૮–૦૩–૨૦૦૮



સુરત મહાનગરપાલિકા ધ્વારા અઠવા ઝોન વિસ્તારમાં ઉમરા રોડ ખાતે નગર પ્રાથમિક શાળાના કમ્પાઉન્ડમાં અર્બન હેલ્થ સેન્ટર તથા વાંચનાલયની ખાતમુહૂર્તવિધિ શ્રી જય નારાયણ વ્યાસ મા. મંત્રીશ્રી આરોગ્ય અને પરિવાર કલ્યાણ, પ્રવાસન, દેવસ્થાન, યાત્રાધામ વિકાસ, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, બિન નીવાસી ગુજરાતી પ્રભાગના વરદહસ્તે તા.૦૮–૦૩–૨૦૦૮નાં રોજ સંપન્ન થઈ.

વધુ માટે કલીક કરો >>>>>>

## બી.આર.ટી.એસ. પ્રોજેકટ તથા પરિવહન યોજનાનું કમિશ્નરશ્રી ધ્વારા પ્રેઝેન્ટેશન

સુરત મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નરશ્રી કુ.એસ. અપર્ણા ધ્વારા આજે તા.૭–૩–૨૦૦૮ ના રોજ  નવી દિલ્હી ખાતે મીનીસ્ટ્રી ઓફ અર્બન ડેવલપમેન્ટ, ભારત સરકારની અગત્યની સેન્ટ્રલ સેન્કશનીંગ એન્ડ મોનીટરીંગ કમિટિની મીટીંગમાં સુરત શહેરનો બી.આર.ટી.એસ. પ્રોજેકટ તથા પરિવહન યોજના રજુ કરેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ દ્વારા મહિલાઓના સન્માન સમારંભનું આયોજન તા.૮/૩/૨૦૦૮ ના રોજ સંપન્ન



આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણીના ઉપલક્ષ્યમાં નારી જગતની જાગૃતિ, એકતા અને સંગઠનની ભાવનાની જયોતિ પ્રબળ અને ઉત્કર્ષલક્ષી બને તે ઉદ્દેશથી સુરત મહાનગરપાલિકા દ્વારા મહિલાઓના સન્માન સમારંભનું આયોજન તા.૮/૩/૨૦૦૮ ના રોજ સાંજે ૫.૦૦ કલાકે સરદાર હોલ, સુ.મ.પા. મુખ્ય કચેરી ખાતે કરવામાં આવ્યુ હતું.

વધુ માટે કલીક કરો >>>>>>

## સાંસ્કૃતિક વિભાગ ધ્વારા તા.૯/૩/૨૦૦૮ના રોજ "મીની મેરેથોન દોડ" સ્પર્ધા સંપન્ન



સુરત મહાનગરપાલિકા શહેરના નગરજનોની સુખાકારી માટે સતત પ્રયત્નશીલ છે. જે અન્વયે નગરજનોનું સ્વાસ્થય, તંદુરસ્ત અને સ્ફુર્તિમય બને તેમજ ચાલવા અને દોડવાના વ્યાયામથી પ્રજા જાગૃત બને તે આશયથી તા.૯/૩/૨૦૦૮ના રોજ "મીની મેરેથોન દોડ" સ્પર્ધા "ડો.વિક્રમભાઈ સારાભાઈ માર્ગ" અડાજણ ગામ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું.

વધુ માટે કલીક કરો >>>>>>

## સ્મીમેર હોસ્પિટલની ફેબ્રુઆરી માસની કામગીરી

સ્મીમેર હોસ્પિટલમાં ફેબ્રુઆરી માસ દરમ્યાન ૧૦૧૨૩ ઈન્ડોર તથા ૩૭૨૪૪ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૩૭૦ તથા ૫૧૬ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૫૨૨૦ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી. બી. ના નવા ૪૬૪ અને જુના ૪૬૨ દર્દીઓ સહીત કુલ–૯૨૬ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા.

વધુ માટે કલીક કરો >>>>>>

## JNNURM અંતર્ગત મિનીસ્ટ્રી ઓફ અર્બન ડેવલપમેન્ટ, ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયા તથા સેન્ટર ફોર ગુડ ગવર્નન્સ, હૈદ્રાબાદ અને સ્પીપાના સંયુકત ઉપક્રમે સુરત મહાનગરપાલિકાના પદાધિકારીઓ માટે "વહીવટી સુધારણા અને સુશાસન અંગેની સજજતા" વિષયક બે દિવસીય તાલીમ કાર્યક્રમનું આયોજન સંપન્ન



સુરત મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નરશ્રી કુ.એસ. અપર્ણા ધ્વારા આજે તા.૭–૩–૨૦૦૮ ના રોજ  નવી દિલ્હી ખાતે મીનીસ્ટ્રી ઓફ અર્બન ડેવલપમેન્ટ, ભારત સરકારની અગત્યની સેન્ટ્રલ સેન્કશનીંગ એન્ડ મોનીટરીંગ કમિટિની મીટીંગમાં સુરત શહેરનો બી.આર.ટી.એસ. પ્રોજેકટ તથા પરિવહન યોજના રજુ કરેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## આરોગ્ય વિભાગ ધ્વારા "વિશ્વ મહિલા દિન" ની ઉજવણી

સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ ધ્વારા " વિશ્વ મહિલા દિન " ની ઉજવણીના ભાગરૂપે મહાનગરપાલિકા સંચાલિત તમામ શહેરી આરોગ્ય કેન્દ્રો, પ્રસૂતિગૃહો પર તા.૧૦–૦૩–૨૦૦૮ થી તા.૧૫–૦૩–૨૦૦૮ સુધી સમગ્ર અઠવાડિયા દરમ્યાન શહેરની ૪૦ વર્ષથી વધુ વય ધરાવતી તમામ મહિલાઓનું હિમોગ્લોબીનલેવલ, બ્લડ પ્રેશર અને યુરીન સુગર ચેક કરાવવાની તથા સંબંધિત રોગ વિશેની સંપરામર્શ ( કાઉન્સેલીંગ )ની વિનામૂલ્યે સુવિધા પ્રાપ્ય થશે.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા અર્બન હેલ્થ સેન્ટર તથા વાંચનાલયની ખાતમુહૂર્તવિધિ શ્રી જય નારાયણ વ્યાસ મા. મંત્રીશ્રી આરોગ્ય અને પરિવાર કલ્યાણ, ગુજરાત રાજયના વરદહસ્તે તા.૦૮–૦૩–૨૦૦૮.



સુરત મહાનગરપાલિકા ધ્વારા અઠવા ઝોન વિસ્તારમાં ઉમરા રોડ ખાતે નગર પ્રાથમિક શાળાના કમ્પાઉન્ડમાં અર્બન હેલ્થ સેન્ટર તથા વાંચનાલયની ખાતમુહૂર્તવિધિ શ્રી જય નારાયણ વ્યાસ મા. મંત્રીશ્રી આરોગ્ય અને પરિવાર કલ્યાણ, પ્રવાસન, દેવસ્થાન, યાત્રાધામ વિકાસ, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, બિન નીવાસી ગુજરાતી પ્રભાગના વરદહસ્તે તા.૦૮–૦૩–૨૦૦૮નાં રોજ સંપન્ન થઈ.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના ધ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે કમિશનરશ્રી એસ અપર્ણા એ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું કે હાલમાં ૨૮ જેટલા અર્બન હેલ્થ સેન્ટરો કાર્યરત છે. દરેક અર્બન હેલ્થ સેન્ટર ૧ લાખની વસ્તીને આવરી લે છે. અર્બન હેલ્થ સેન્ટરની સેવા સાથે કુટુંબ કલ્યાણની પ્રવૃત્તિઓ, રસીકરણ, રોગચાળો નિંયત્રણ, ક્ષય નિંયત્રણ "ડોટસ" ની આધુનીક સારવાર, જેવી સેવાઓ પુરી પાડવામાં આવે છે. મહાનગરપાલિકાની આરોગ્ય ક્ષેત્રે વિવિધ કામગીરી તથા સરકારશ્રીના કાર્યક્રમ હેઠળ આરોગ્ય ક્ષેત્રની વિવિધ કામગીરીને કારણે ગત વર્ષની સરખામણીએ મેલેરીયા/ફાઈલેરીયા જેવા રોગોમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ હેઠળ પોલીયો રસીકરણની પ્રભાવક કામગીરીને કારણે તથા બાળકોના સ્વાસ્થય ચેક અપ કાર્યક્રમ હેઠળ લગભગ ૭ લાખ બાળકોના આરોગ્યની તપાસ કરવામાં આવી છે. ઉતકૃષ્ટ કામગીરીને કારણે પાણીજન્ય રોગો તથા બાળમૃત્યુના દરમાં પણ ઘટાડો નોંધાયો છે. ઉપરોકત કામગીરીમાં ફાઈલેરીયા–મેલેરીયા અને આંગણવાડીના કર્મચારીઓની સતત મહેનત તથા સહકારના કારણે અને વહીવટી તંત્રનો સમન્વય કરી આરોગ્ય વિષયક સેવાઓ ઉતકૃષ્ટ બને તેવા પ્રયાસો કરવામાં આવેલ છે. હાલમાં શહેરમાં ૩૯ વાંચનાલયો ઉપલબ્ધ છે. તેમાં ટુંક સમયમાં ઉમરા વિસ્તારમાં વાંચનાલયની સગવડનો ઉમેરો કરવાનો પ્રયાસ કરેલ છે.

મંચસ્થ મહાનુભાવોનું સ્વાગત ખેસ તથા સાલ ધ્વારા કરવામાં આવેલ.

પ્રમુખ સ્થાનેથી પ્રવચન કરતા મા. મેયર ડો.કનુભાઈ માવાણીએ જણાવ્યુ હતું કે સુરત મહાનગરપાલિકા સુરત શહેરને સ્વચ્છ, સુંદર અને સશકત બનાવવા માંગે છે. વાંચનાલય ધ્વારા શહેરીજનો માનસીક રીતે સશકત બને તથા આરોગ્ય વિષયક સેવાઓ સરળતાથી અને સુગમ રીતે મળી શકે તે માટે સુરત મહાનગરપાલિકા જુદા જુદા વિસ્તારમાં અર્બન હેલ્થ સેન્ટરોનું આયોજન કરી આ સવલતો પુરી પાડવા પ્રયત્નશીલ છે. વરીષ્ટ નાગરિકો, બાળકો તથા વિદ્યાર્થીઓને વાંચનાલયની સુવિધા પ્રાપ્ત થાય તે માટે પણ સુરત મહાનગરપાલિકા કટીબધ્ધ છે. આ સગવડો પ્રાપ્ત થવાને કારણે આ વિસ્તારના લોકોની માંગ પુરી થશે.

મા.મંત્રીશ્રી આરોગ્ય અને પરિવાર કલ્યાણ, શ્રી જય નારાયણ વ્યાસે પોતાના વકતવ્યમાં જણાવ્યુ હતુ કે શહેરોને પોતાની સમસ્યા હોય છે. સુરત ખાતે આરોગ્ય વિષયક આંતર માળખાકીય સુવિધાઓ વધી છે. ગુજરાત સૌથી વધુ વિકસીત રાજય છે. વિકાસના કારણે અર્થવ્યવસ્થા ઝડપી બની છે અને સવલતોના આંતરમાળખામાં વધારો થયો છે. રાજય સરકાર આરોગ્ય વિષયક સેવાઓ પુરી પાડવા સભાન છે. હાલમાં રાજય સરકારે પોતાના અંદાજપત્રમાં આરોગ્ય વિષયક સેવા પાછળ લગભગ ૪૨%નો વધારો કરેલ છે. શહેરીકરણની સાથે આગવી સમસ્યાઓ પણ ઉભી થાય છે. શહેરીકરણના કારણે આરોગ્ય વિષયક વિવિધ પ્રશ્નો ઉપસ્થિત થાય છે. સુરત શહેરે પુર અને પ્લેગ દરમ્યાન પણ આરોગ્યના પ્રશ્નો હલ કરી વિકાસ સાધ્યો છે. જે સુરત શહેરની પ્રજાની ખુમારી, જીંદાદિલી, ખુશમીજાજીનો પરિચય આપે છે. સુરત શહેર પર આવેલી આપત્તિઓમાંથી સુરતીઓ ખુમારીથી પસાર થયા છે. ભવિષ્યમાં સીનીયર સીટીઝનો માટેની સુવિધાઓ માટે પણ મહાનગરપાલિકાએ વિચારણા કરવી પડશે. આરોગ્ય વિષયક સેવાના આંતરમાળખા માટે વિકાસ જરૂરી છે. આરોગ્ય સવલતના કારણે આયુષ્ય દરમાં પણ વધારો નોંધાયો છે. સીનીયર સીટીઝનના પ્રશ્નો હલ કરવા સુરત મહાનગરપાલિકાની કામગીરી આગવી છે. તેમણે વધુમાં વાંચનાલયની સગવડ સાથે બાળકોને ઓડીયો વિઝ્યુલ મીડીયાના ઉપયોગ ધ્વારા સમજણ આપવા સૂચન કર્યુ હતું. આભાર વિધી ડે. મેયરશ્રી કૌશિકાબેન દેસાઈએ કરી હતી.

આ પ્રસંગે મંચસ્થ મહાનુભાવો ઉપરાંત વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા પ્રજાજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

TOP

## બી.આર.ટી.એસ. પ્રોજેકટ તથા પરિવહન યોજનાનું કમિશ્નરશ્રી ધ્વારા પ્રેઝેન્ટેશન

સુરત મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નરશ્રી કુ.એસ. અપર્ણા ધ્વારા આજે તા.૭–૩–૨૦૦૮ ના રોજ નવી દિલ્હી ખાતે મીનીસ્ટ્રી ઓફ અર્બન ડેવલપમેન્ટ, ભારત સરકારની અગત્યની સેન્ટ્રલ સેન્કશનીંગ એન્ડ મોનીટરીંગ કમિટિની મીટીંગમાં સુરત શહેરનો બી.આર.ટી.એસ. પ્રોજેકટ તથા પરિવહન યોજના રજુ કરેલ છે. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી ધ્વારા પ્રેઝેન્ટેશન મારફત શહેરની પરિવહન યોજનાનું **(Comprehensive Mobility Plan)** નું વર્ણન કરવામાં આવેલ. જે કેન્દ્ર સરકારશ્રી ધ્વારા આ યોજનાને મોડેલ પ્લાન તરીકે સ્વીકારેલ છે તથા અન્ય શહેરોને પણ આ મોડેલને અનુસરવા માટે ભલામણ કરેલ છે. ઉપરોકત મીટીગમાં ગુજરાત રાજય ધ્વારા જે.એન.એન.યુ.આર.એમ. હેઠળ કરવામાં આવેલ કામગીરીને કેન્દ્ર સરકાર ધ્વારા વખાણવામાં આવેલ. ગુજરાત રાજયમાં હવે ત્રણ શહેરો અમદાવાદ, રાજકોટ અને સુરત શહેરમાં બી.આર.ટી.એસ.નો પ્રોજેકટ મંજુર થયેલ છે. ગુજરાત રાજયની શહેર વિકાસલક્ષી કામગીરીને તમામ ક્ષેત્રેથી આવકારવામાં આવેલ છે.

આજે બી.આર.ટી.એસ. પ્રોજેકટ હેઠળ ફેઝ–૧ માં કુલ ૪૯૫ કરોડનો પ્રોજેકટ મંજુર કરવામાં આવેલ છે. આ પ્રોજેકટ અંતગર્ત હાલમાં બે કોરીડોરની પસંદગી કરવામાં આવેલ છે. જેમાં (૧) સુરત–નવસારી રોડ જેમાં રેલ્વે સ્ટેશનથી ઉધના, ઉન જકાતનાકા થઈ સચીન સુધી તથા (૨) ડુમસ રીસોર્ટ–સરથાણા જકાતનાકા રોડ (વાયા કેનાલ રોડ) પુણા–કુંભારીયા રોડ સુધીનો સમાવેશ થયેલ છે. આ પ્રોજેકટ ૩(ત્રણ) વર્ષની સમયમર્યાદામાં પૂર્ણ કરવાનો રહેશે.

સદર પ્રોજેકટમાં કુલ પ્રોજેકટ ખર્ચના ૫૦% એટલે કે રૂા. ૨૪૭.૭૫ કરોડ કેન્દ્ર સરકારનો ફાળો, ૨૦% એટલે કે રૂા.૯૯.૧૦ કરોડ રાજય સરકારનો ફાળો તેમજ ૩૦% એટલે કે રૂા.૧૪૮.૬૫ કરોડ સુરત મહાનગરપાલિકાનો ફાળો રહેશે.

આ પ્રોજેકટમાં લો ફલોર બસો દોડાવવામાં આવશે, જેમાં આશરે ૨૦% એ.સી. બસો દોડાવવામાં આવશે. બે કોરીડોરની કુલ લંબાઈ આશરે ૩૦ કિ.મી. રહેશે. જેમાં બે ફલાયઓવર, એક બ્રીજ તથા પાંચ પેડેસ્ટ્રીયન સબ–વે, ૩૩ બસ સ્ટોપ, ત્રણ ટર્મીનલ / ડેપો, પાંચ ઈન્ટર ચેઈન્જ સ્ટેશનનો વિકાસ કરવાનો રહેશે.

બી.આર.ટી.એસ. પ્રોજેકટથી શરૂઆતમાં બે લાખ લોકોને લાભ થશે તથા ત્યારબાદ તબકકાવાર અન્ય રસ્તાઓનો સમાવેશ કરવામાં આવશે. જેમાં મુખ્યત્વે વિદ્યાર્થીઓ અને હીરા ઉદ્યોગ, ટેક્ષટાઈલ ઉદ્યોગ સાથે સંકળાયેલ કામદારો તથા જાહેર જનતા ધ્વારા તેનો ઉપયોગ થશે. આ પ્રોજેકટના અમલીકરણથી રીંગરોડ ઉપર તથા અન્ય રસ્તાઓ પર ટ્રાફિકનું ભારણ ઘણું ઓછું થશે.

સુરત શહેરમાં જાહેર પરિવહન સેવાની ઉણપ હતી. આજે તા.૭–૩–૦૮ ના રોજ શહેરમાં ગુણવત્તાવાળી બસ રેપીડ ટ્રાન્સપોર્ટ સીસ્ટમનો મહત્વકાંક્ષી પ્રોજેકટ મંજુર થયેલ છે. સુરત શહેરના વિકાસના ક્ષેત્રે આજનો દિવસ સીમાચિન્હરૂપ બની રહેશે. આનાથી સુરત શહેરની વૈશ્વિકકરણના માહોલમાં પોતાની આગવી ઓળખ ઉભી થશે.

સરદહુ મીટીંગમાં મ્યુનિસિપલ કમિશ્નર શ્રી કુ.એસ. અપર્ણા સાથે ડાયરેકટર ઓફ પ્લાનીંગ શ્રી જે.એમ.પટેલ તથા ડેપ્યુટી કમિશ્નરશ્રી ઝાલાએ ભાગ લીધેલ હતો.

**TOP**

## સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ દ્વારા મહિલાઓના સન્માન સમારંભનું આયોજન તા.૮/૩/૨૦૦૮ ના રોજ સંપન્ન



આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણીના ઉપલક્ષ્યમાં નારી જગતની જાગૃતિ, એકતા અને સંગઠનની ભાવનાની જયોતિ પ્રબળ અને ઉત્કર્ષલક્ષી બને તે ઉદ્દેશથી સુરત મહાનગરપાલિકા દ્વારા મહિલાઓના સન્માન સમારંભનું આયોજન તા.૮/૩/૨૦૦૮ ના રોજ સાંજે ૫.૦૦ કલાકે સરદાર હોલ, સુ.મ.પા. મુખ્ય કચેરી ખાતે કરવામાં આવ્યુ હતું.

આ મહિલા સન્માન કાર્યક્રમમાં તબીબી ક્ષેત્રે, નાટય, નૃત્ય અને કલા ક્ષેત્રે, સરકારી ક્ષેત્રે ઉચ્ચ હોદ્દા પર કામગીરી કરતી મહિલાઓ તથા સુરત મહાનગરપાલિકાનાં ડે.મેયરશ્રી ઉપરાંત ત્રણ સમિતિની મહિલા ચેરમેનો, નવા વિસ્તારની ચુંટાયેલ મહિલા સદસ્યાશ્રીઓ, સામાજીક સેવાના કાર્યમાં રોકાયેલ અગ્રણી મહિલાઓ તથા મહિલા પત્રકારો મળી કુલ ૨૮ મહિલાઓનું સન્માન સમારંભમાં ઉપસ્થિત મા.મેયર ડો.કનુભાઈ માવાણી, ડે.મેયર શ્રીમતી કૌશિકાબેન દેસાઈ, સ્થાયી સમિતિના અધ્યક્ષ શ્રી મુકેશભાઈ દલાલ, સ્થાયી સમિતિના માજી અધ્યક્ષ અને ધારાસભ્યશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શાસક પક્ષના નેતા ડો. જગદીશભાઈ પટેલ, મ્યુ. કમિશ્નર કુ. એસ. અપર્ણા, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી જયોતિબેન કોઠિયાના હસ્તે કરવામાં આવ્યુ હતું. તમામ સન્માનીત મહિલાઓને મહાનુભવોના હસ્તે મોમેન્ટો, શાલ અને પુસ્તિકાનો સેટ અર્પણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મુખ્ય મહેમાન ડો. આશાબેન ભટ્ટ તેમજ મા.મેયરશ્રીએ પ્રાસંગિક પ્રવચન કર્યુ હતું. આભાર વિધિ સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી જયોતિબેન કોઠિયાએ કરી હતી.



આ પ્રસંગે વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, અધિકારીશ્રીઓ, મ્યુ સદસ્યશ્રીઓ, પત્રકારો, આમંત્રિતો મોટી સંખ્યામાં હાજર રહયા હતા.

TOP

## સાંસ્કૃતિક વિભાગ ધ્વારા તા.૯/૩/૨૦૦૮ના રોજ ''મીની મેરેથોન દોડ'' સ્પર્ધા સંપન્ન




સુરત મહાનગરપાલિકા શહેરના નગરજનોની સુખાકારી માટે સતત પ્રયત્નશીલ છે. જે અન્વયે નગરજનોનું સ્વાસ્થય, તંદુરસ્ત અને સ્ફુર્તિમય બને તેમજ ચાલવા અને દોડવાના વ્યાયામથી પ્રજા જાગૃત બને તે આશયથી તા.૯/૩/૨૦૦૮ના રોજ ''મીની મેરેથોન દોડ'' સ્પર્ધા ''ડો.વિક્રમભાઈ સારાભાઈ માર્ગ'' અડાજણ ગામ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ભાઈઓ તથા બહેનોના અલગ અલગ વય ગૃપમાં ૧૮ થી ૩૫ વર્ષ, ૩૫ થી ૫૦ વર્ષ, ૫૦ થી ૬૦ વર્ષ તથા ૬૦ વર્ષથી વધુ વયના સીનીયર સીટીઝન ગૃપ. આમ કુલ ૮(આઠ) વિભાગમાં સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધા દરમ્યાન સ્ત્રીઓએ ૧૦ કિ.મી. તથા પુરૂષોએ ૧૪ કિ.મી.નું અંતર પૂરૂં કરવાનું હતું. આ સ્પર્ધામાં ૨૮ સ્ત્રીઓ તથા ૮૭ પુરૂષો મળી કુલ ૧૧૫ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. સાંસ્કૃતિક સમિતિના ચેરમેન શ્રીમતી જયોતિબેન કોઠીયા, રાંદેર ઝોનના ઝોનલ ચીફ શ્રી એમ.ડી.દારૂવાલા, ઝોનલ ઓફિસરશ્રી ડી.સી.ગાંધી, સાંસ્કૃતિક સમિતિના સભ્ય કુ.પારૂલબેન ભારતીએ એલ.પી. સવાણી સ્કૂલ સર્કલથી લીલી ઝંડી ફરકાવી દોડ સ્પર્ધાની શરૂઆત કરાવી હતી. સ્પર્ધાને અંતે નીચે મુજબના દોડવીરો વિજેતા નીવડયા હતા.

| વિજેતા ક્રમ | પુરૂષ વિભાગ | | | |
|---|---|---|---|---|
| | અ<br>૧૮ થી ૩૫ વર્ષ | બ<br>૩૫ થી ૫૦ વર્ષ | ક<br>૫૦ થી ૬૦ વર્ષ | ડ<br>સીનીયરસીટીઝન |
| પ્રથમ | સેલર મયંક શાંતિલાલ | સેલર યોગેશકુમાર ડાહયાભાઈ | એન.આર.પાંડે | શ્રવણકુમાર |
| દ્વિતિય | નાવિક જતીન બળવંતભાઈ | દિનેશ જે. ભગત | ટાલીયા નરેશચંદ્ર શાંતિલાલ | પટેલ નરોત્તમ ગંગારામ |
| તૃતિય | સેલર સંજય દલસુખભાઈ | સુરેશ બી.પરમાર | રોહિતભાઈ ટી.રાવલ | હરિભાઈ મકનભાઈ પટેલ |

| વિજેતા ક્રમ | સ્ત્રી વિભાગ | | | |
|---|---|---|---|---|
| | અ<br>૧૮ થી ૩૫ વર્ષ | બ<br>૩૫ થી ૫૦ વર્ષ | ક<br>૫૦ થી ૬૦ વર્ષ | ડ<br>સીનીયરસીટીઝન |
| પ્રથમ | અંકિતા દિનેશભાઈ ભગત | પટેલ સ્મૃતિ ડેનિયલ | મધુબેન એન.મિસ્ત્રી | નલિનીબેન છોટુભાઈ કાપડિયા |
| દ્વિતિય | રીતી અશોકભાઈ જોષી | પુનમ જયેશકુમાર દલાલ | જયશ્રીબેન મનોજભાઈ શાહ | |
| તૃતિય | શબનમ નઝમુદ્દીન કાઝી | અનસૂયાબેન કે. કંથારીયા | કુમુદબેન આતમરામ ગુપ્તા | |

૧ થી ૩ ક્રમના વિજેતાઓને ટ્રોફી તથા પ્રમાણપત્રો સાંસ્કૃતિક સમિતિના ચેરમેન શ્રીમતી જયોતિબેન કોઠિયા, રાંદેરઝોનના ઝોનલ ચીફ શ્રી એમ.ડી.દારૂવાલા, મ્યુ.સભ્યશ્રીઓના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતાં. સ્પર્ધામાં ભાગ લેતા તમામ સ્પર્ધકોને ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મેડીકલ ઓફિસર સહિતની મેડીકલ ટીમ, ફાયર ફાયટર સાથે ફાયર ઓફિસર હાજર રહયા હતા.

TOP

## સ્મીમેર હોસ્પિટલની ફેબ્રુઆરી માસની કામગીરી

સ્મીમેર હોસ્પિટલમાં ફેબ્રુઆરી માસ દરમ્યાન ૧૦૧૨૩ ઈન્ડોર તથા ૩૭૨૪૪ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૩૭૦ તથા ૫૧૬ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૫૨૨૦ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી. બી. ના નવા ૪૬૪ અને જુના ૪૬૨ દર્દીઓ સહીત કુલ–૯૨૬ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૯૫૮ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૫૦૪ તથા આંખ વિભાગમાં ૩૧૫૬ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ–૯૦૫૩ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતું. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## JNNURM અંતર્ગત મિનીસ્ટ્રી ઓફ અર્બન ડેવલપમેન્ટ, ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયા તથા સેન્ટર ફોર ગુડ ગવર્નન્સ, હૈદ્રાબાદ અને સ્પીપાના સંયુકત ઉપક્રમે સુરત મહાનગરપાલિકાના પદાધિકારીઓ માટે "વહીવટી સુધારણા અને સુશાસન અંગેની સજજતા" વિષયક બે દિવસીય તાલીમ કાર્યક્રમનું આયોજન સંપન્ન



ભારત સરકારના જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મીશન અંતર્ગત મિનીસ્ટ્રી ઓફ અર્બન ડેવલપમેન્ટ, ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયા તથા સેન્ટર ફોર ગુડ ગવર્નન્સ, હૈદ્રાબાદ અને સ્પીપાના સંયુકત ઉપક્રમે મહાનગરપાલિકાના પદાધિકારીઓ માટે "વહીવટી સુધારણા અને સુશાસન અંગેની સજજતા" વિષયક બે દિવસીય તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. સ્પીપાના મહાનિર્દેશક શ્રી પી. કે. ગેરાએ તાલીમ કાર્યક્રમના શુભારંભે મેસેજ મોકલી જણાવ્યું હતું કે સુરત મહાનગરપાલિકાના પદાધિકારીઓ અને ત્યાર બાદ રાજયભરના તમામ મહાનગરપાલિકાના પદાધિકારીઓ અને અધિકારીઓને પણ આ તાલીમ કાર્યક્રમમાં આવરી લેવામાં આવનાર છે. રેપીડ ટ્રેનીંગ પ્રોગ્રામ અંતર્ગત મોબાઈલ રીસોર્સ પર્સન (તજજ્ઞો) ધ્વારા બહોળા પ્રમાણમાં પદાધિકારીઓ/અધિકારીઓને આવરી લઈ શકાય તે રીતે તાલીમનું આયોજન થઈ રહેલ છે.

સુરત મહાનગરપાલિકાના કમિશનર કુ. એસ. અપર્ણાએ આ તાલીમ કાર્યક્રમ વિશે જણાવ્યું હતું કે સુરત શહેરને ટાઉન પ્લાનીંગની સ્કીમો ધ્વારા આગવી વ્યુહરચનાનું આયોજન કરી શહેરને વિકસીત કરવામાં તથા તમામ માળખાકીય સવલતો શહેરના નાગરિકોને પુરી પાડવામાં સુરત મહાનગરપાલિકા અગ્રણી સ્થાન ધરાવે છે. વર્ષ ૨૦૦૫ થી JNNURM હેઠળ વિવિધ પ્રોજેકટોના ડી. પી. આર. મંજુર કરાવી તેમજ ગ્રાન્ટ રીઈમ્બર્સમેન્ટ ધ્વારા પ્રોજેકટોનું ઝડપી અમલીકરણ કરવામાં સુરત મહાનગરપાલિકાએ હરણફાળ ભરી છે. અને આવી તાલીમ થકી કોર્પોરેટરશ્રીઓ આવનાર સમયમાં વધુ કાર્યક્ષમ અને પ્રજાલક્ષી દાયિત્વ નિભાવવામાં સફળ થશે અને જનતા માટે કલ્યાણકારી યોજનાઓ પ્રતિ પણ વધુ જાગૃત બનશે.

આ બે દિવસીય તાલીમનું ઉદઘાટન તા.૦૭–૦૩–૨૦૦૮નાં રોજ મા. મેયર ડો.કનુભાઈ માવાણીના વરદહસ્તે દીપ પ્રાગટય કરી કરવામાં આવેલ અને ધારાસભ્ય શ્રી રણજીતભાઈ ગીલીટવાળા તથા સુરત મહાનગરપાલિકાના ડે. મેયર શ્રીમતિ કૌશિકાબેન દેસાઈ, સ્ટેન્ડીંગ કમીટી ચેરમેન શ્રી મુકેશભાઈ દલાલ, શાસક પક્ષના નેતા શ્રી જગદીશભાઈ પી. પટેલ, વિરોધ પક્ષના નેતા શ્રી બાબુભાઈ કાપડીયા તથા કમીટીના ચેરમેનશ્રીઓની ઉપસ્થિતિમાં આયોજીત કરવામાં આવેલ છે જે તા.૦૮–૦૩–૨૦૦૮ સુધી ચાલેલ. પ્રસ્તુત તાલીમ કાર્યક્રમમાં સ્પીપા તથા રાજય સરકારશ્રી તરફથી રીસોર્સ પર્સન તરીકે ઉપસ્થિત અધિકારીઓશ્રી મુકેશભાઈ ગઢવી, કોર્ષ ડાયરેકટર શ્રી કે. બી. પાનખણીયા, ઓ. એસ. ડી., શહેરી વિકાસ વિભાગ તથા શ્રી સી. એમ. ગોહિલ, ડે. સીઈઓ, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મીશન ધ્વારા વિવિધ માહિતીસભર સેશન લેવામાં આવેલ. આ તાલીમ કાર્યક્રમ દરમ્યાન શહેરી ગરીબો માટે પાયાની મહત્વપૂર્ણ યોજનાઓ, લોક ભાગીદારી, કાનુન, નિયમન, મહાનગરપાલિકાની કાયદાકીય અગત્યની જોગવાઈઓ અને તેમાં થયેલા સુધારાઓ, બંધારણનો ૭૪મો સુધારો જેવા વિવિધ મહત્વપૂર્ણ વિષયો ઉપર સુરત મહાનગરપાલિકાના કોર્પોરેટરશ્રીઓને આ બે દિવસીય તાલીમ કાર્યક્રમમાં માર્ગદર્શન આપવામાં આવેલ.

TOP